**અગત્યનું**

અધિકારીઓએ સ્થાવર/જંગમ
મિલકત અંગેના પત્રકો રજુ કરવા
બાબત.....

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંક : શવઅ/૧૧૯૮/(૧)/ઈ(૦૭૯-૨૩૨૫૧૮૬૯)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૯/૯/૨૦૦૮

**વંચાણે લીધા :**

(૧) સા.વ.વિ.નો તા.૧૪/૧૧/૯૮નો પરિપત્ર ક્રમાંક : સીડીઆર/૧૦૮૮/યુઓ'૩૩૩/ત.એ.

(૨) સા.વ.વિ.નો તા.૧/૬/૯૯નો ઠરાવ ક્રમાંક : ખહલ/૧૦૯૯/૩૩૯/ક

**-: પ રિ પ ત્ર :-**

ગુજરાત રાજ્ય સેવા (વર્તણુંક) નિયમો–૧૯૭૧ના નિયમ–૧૯ હેઠળની જોગવાઈ પ્રમાણે સરકારી અધિકારી/ કર્મચારીએ તેમના સ્થાવર/ જંગમ મિલકતના વ્યવહારો અંગે નિયત પત્રકોમાં દર વર્ષે જે તે કેલેન્ડર વર્ષ પૂરૂ થયા પછીના જાન્યુઆરી માસમાં અને મોડામાં મોડા ૩૧ મી માર્ચ સુધીમાં લેખિત જાણ કરવા અંગેની સુચનાઓ ઉપર નિર્દિષ્ટ કરેલા સા.વ.વિ.ના તા.૧૪/૧૧/૯૮ના પરિપત્રથી બહાર પાડવામાં આવેલ છે. ઉકત સૂચનાઓ અત્રેથી પણ વિભાગ હેઠળના સર્વે અધિકારીશ્રીઓ અને ખાતા/ કચેરીના વડાઓના ધ્યાન પર લાવવામાં આવેલી છે.

૨. રાજ્ય સરકારની ઉપર પ્રમાણેની સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં એવું ધ્યાન પર આવેલું છે કે અધિકારીઓ/ખાતા/ કચેરીના વડાઓ તરફથી સ્થાવર/જંગમ મિલકત અંગેના નિયત પત્રકો સંપૂર્ણ વિગતો સાથે સમયસર અત્રે રજુ કરવામાં આવતા નથી. અથવા માહિતી અધૂરી , અસ્પષ્ટ હોવાને કારણે સ્પષ્ટતા માગવાના પ્રસંગો ઉપસ્થિત થાય છે. કેટલાક કિસ્સાઓમાં સ્થાવર/ જંગમ મિલકતની ખરીદી / વેચાણ અંગે પૂર્ણ જાણ/ પૂર્વ મંજૂરી અંગેની કાર્યવાહી કરવામાં આવતી નથી કે સ્થાવર / જંગમ મિલકતની ખરીદી/વેચાણ અન્વયે નિયત પત્રકના મિલકત અંગેની વિસ્તૃત વિગતો રજુ કરવામાં આવતી નથી.

૩. ઉપરાંત સા.વ.વિ.ના તા.૧/૬/૯૯ના ઠરાવ ક્રમાંક : ખહલ/૧૦૯૯/૩૩૯/ક થી રાજ્યપતિત્રત (વર્ગ–૧) અધિકારીના નિયત કરાયેલા ખાનગી અહેવાલ ફોર્મના સ્વમુલ્યાંકન અંગેના ભાગ–૨ માં ગત વર્ષ અંતિત થતા કેલેન્ડર વર્ષનું સ્થાવર મિલકતનું પત્રક , સરકારે નિર્ધારીત કરેલ ખાનગી અહેવાલમાં સમય મર્યાદામાં રજુ કર્યાના રિમાર્કસ જોવા મળે છે. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ પણ આ સંબંધમાં માહિતી માંગવામાં આવતી હોય છે. ઉકત સંજોગોમાં આ માહિતી અત્રે સમયસર ઉપલબ્ધ કરવા સંબંધિત અધિકારીઓને આથી તાકીદ કરવામાં આવે છે.

૪. વધુમાં, સ્થાવર/ જંગમ મિલકત પત્રકો અત્રે મોકલતી વખતે નીચેની બાબતોની પણ ખાસ કાળજી રાખવા વિનંતી છે.

(૧) બાંહેધરી પત્રક અને વિગતવાર પત્રકમાં સહી અને તારીખ અચૂકપણે દર્શાવવા . ( સંપર્ક નંબર, ઈમેઈલ એડ્રેસ)

(૨) કેટલાક અધિકારીઓ " અગાઉના વર્ષના પત્રકમાંની વિગતોમાં કોઈ ફેરફાર નથી. " એવો પ્રત્યુતર આપે છે. જે ઉચિત નથી. પત્રકમાં માંગેલ તમામ વિગતો દર વર્ષે પૂરેપૂરી ભરીને મોકલવી.

(૩) કેટલાક અધિકારીઓ ઘર/ મકાન/રાહતદરે ફાળવેલ પ્લોટ તેવું ટુંકમાં જણાવે છે. ગાંધીનગર સિવાય અન્ય શહેર / ગામમાં આવી મિલકત ધરાવતા હોય તેઓ પણ અધૂરી વિગતો દર્શાવે છે. આમ આવી મિલકતનું પૂરેપૂરૂ સરનામું ( પીનકોડ) તેમજ વર્ણનાત્મક માહિતી ( ક્ષેત્રફળ વગેરે) દર્શાવવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

BNE

(ભાવેશ એરડા)
ઉપસચિવ,૦૭૯-૨૩૨૫૧૮૩૭
માર્ગ અને મકાન વિભાગ.

પ્રતિ,

સચિવશ્રીના અંગત સચિવશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મુખ્ય ઈજનેરશ્રી અને અધિક સચિવશ્રીઓ, મા.મ.વિ. સચિવાલય,ગાંધીનગર.
વિભાગ હેઠળના સર્વે ( કા.ઈ.(સી)) ઉ.સ.શ્રીઓ, મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
માર્ગ અને મકાન વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ ( આપના તાબા હેઠળની લાંબી રજા પર ગયેલ અધિકારીને ઈ–મેઈલથી જાણ કરવી)
માર્ગ અને મકાન વિભાગ હેઠળના સર્વે વર્ગ–૧ કક્ષાના વિદ્યુત સંવર્ગના અધિકારીશ્રીઓ.
માર્ગ અને મકાન વિભાગ હેઠળના સર્વે નાયબ સ્થપતિ, નાયબ સ્થપતિશ્રીની કચેરી, નિર્માણભવન, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, ઈ(૩) શાખા, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વેબસાઈટ ઈન્ચાર્જશ્રી, માર્ગ અને મકાન વિભાગ.
જાહેરહિતની આ સુચનાને સમયસર અપલોડ કરી જાણ કરવા બાબત.
સીલેકટ ફાઈલ(૧)
સીલેકટ ફાઈલ(૨)